સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : SJED/MSM/e-file/17/2024/1909/A-1
સચિવાલય, ગાંધીનગર.
તા.as per E-sign

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬-૪-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : સશપ/૧૦૨૦૧૧/૧૨૪૩/ન.બા./અ.૧
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯-૦૮-૨૦૨૪ નો પત્ર ક્રમાંકઃ DDCW/0175/08/2024
(3) આ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૩/૦૭/૨૦૨૫નો ઠરાવ.

<u>આમુખ:</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) આગળના આ વિભાગનાં ઠરાવથી સેલ્ફફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિચરતી વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ. વંચાણે લીધા ક્રમાંક (૨) આગળના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનાં પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે વિભાગનાં ક્રમાંક -(૧) આગળના ઠરાવમાં કેટલીક જોગવાઇઓ ઉમેરીને વંચાણે લીધા ક્રમાંક-(૩) આગળનો ઠરાવ બહાર પાડવામાં આવેલ. વિચરતી અને વિમુક્ત જાતિનાં વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં અભ્યાસ કરવા માટે રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તથા શિક્ષણ ફી પેટે સહાય આપવાનાં ઉક્ત વંચાણે લીધેલ ક્રમ- (3) આગળના ઠરાવમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાંને અંતે આગળના સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તેમજ શિક્ષણ ફી પેટે સહાય આપવા બાબતના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૩) ઠરાવની શરત નં.(૩) માં નીચે મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

"(૩) સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ચાલતા સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમો ઉપરાંત ધો-૧૦ પછીનાં તમામ અભ્યાસક્રમો જેવાં કે ડિપ્લોમા ઇન એન્જિનિયરિંગ, ઑક્ઝીલરી નર્સ મીડવાઇફ (ANM) તેમજ અન્ય સર્ટીફિકેટ કોર્સ જેવા કે ડિપ્લોમા ઇન સેનિટરી ઇન્સ્પેક્ટર (DSI), ડિપ્લોમા ઇન મેડિકલ લેબૉરેટરી ટેક્નોલોજી (DMLT), લેબ ટેકનિશિયન (LT) વગેરે જેવા તમામ તથા આઇ.ટી.આઇ. અને પોલીટેકનીકના અભ્યાસક્રમ માટે આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે."

ઉક્ત જોગવાઇ સિવાય વંચાણે લીધેલ ક્રમ-(૧) અને (૩) આગળના ઠરાવની અન્ય તમામ જોગવાઇઓ/શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કેતન ડામોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:Ketan Damor
Section Officer
Date: 2025.08.05
20:55:00 +05:30

- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Ketan Damor
Section Officer
Date: 2025.08.05
20:55:00 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign